**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


તા.૨૩ /૦૪ / ૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૮૧/૧૮**

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ફ.ગુ.ર.નં-૧૦૮/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૧૭૦.૩૮૪.૪૨૭.૩૨૩.૧૧૪ તથા જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામના ફરિયાદી દર્શીત પ્રહલાદભાઇ પટેલ ઉ.વ-૩૧ રહે-મ.નં-૮૦ હરિહોમ-વિલા ઇસ્કોન ફ્લાવર ની બાજુમાં ગુમા બોપલ અમદાવાદ નાઓની ફરિયાદ હકિકત એવી છે કે ગઇ તા-૨૦/૦૩/૨૦૧૮ ના રોજ ફરિયાદી પોતાની ગાડી લઈ સાયંસીટી રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન બે મહીલાઓ એ તેઓ પાસે લિફ્ટ માગી તેઓની ગાડીમાં બેસેલ અને ગાડી થોડે આગળ જતા બે માણસો એક અલ્ટ્રીકા ગાડી લઈ રોડ ઉપર ખાખી કલર જેવુ પેન્ટ તથા વાઇટ સર્ટ પહેરેલ હોય અને હાથમાં પોલીસ નો પ્લાસ્ટીકનો ડંડો લઈ ને ઉભા હતા અને ફરિયાદીની ગાડી ઉભી રખાવી પોલીસ તરીકેની ઓળખાણ આપી ફરિયાદી ની ગાડી માં બેસી જઇ તમે મહીલાઓ ને શારિરિક અડપલા કરો છો તેવુ કહી મહીલાઓ ને નીચે ઉતારી તેઓની અલ્ટીકા ગાડીમાં બેસાડી દીધેલ અને ડ્રાઇવર મહીલાઓ ને લઈ જતા રહેલ અને ફરિયાદીને તમારે પોલીસ સ્ટેશન આવવુ પડશે તેવુ કહી ફરિયાદી પાસે રૂપીયા ડોઢ લાખ ની માગણી કરેલ અને જો પૈસા નહી આપોતો પોલીસ સ્ટેશન માં આવવુ પડશે અને તમારી બદનામી મીડીયામાં થશે તેવુ કહી ફરિયાદીને અવાવરૂ જગ્યા પર લઈજઈ ફરિયાદીને નીચે ઉતારી ફરિયાદીને પ્લાસ્ટીકનો ડંડો મારેલ અને તેઓના પર્સ માં થી રૂપીયા ૨૫.૦૦૦/- કાઢી લઈ તેઓ ગાડી માંથી નીચે ઉતરી જતા રહેલ બાદ તા-૧૮/૦૪/૨૦૧૮ના રોજ ફરિ સવારના સાડા નવેક વાગ્યાના સુમારે પોતાની ગાડી ગઈ બોપલ સર્કલે થી પસાર થતા હતા તે દરમ્યાન ઉપરોક્ત બન્ને મહીલાઓ રોડ ઉપર ઉભીરહી લિફ્ટ માગતી હોય અને ફરિ તેઓને ઓળખીજતા તેઓ બન્ને મહીલા રીક્ષામાં બેસી ભાગવા લાગેલ અને ફરિયે તેઓનો પીછો કરેલ અને આગળજતા બન્ને મહીલાઓ એક અલ્ટ્રીકા ગાડી નં-GJ-01-HV-7627 માં બેસી ગયેલ અને ફરિ એ તેઓનો પીછો કરતા આગળ જતા મહીલાઓ ગાડી માંથી ઉતરી ગયેલ અને અલ્ટ્રીકા ગાડી ચાલકે પોતાની ગાડી હેબતપુર ચાર રસ્તા તરફ ભગાડેલ અને ફરિયે પોલીસને તથા તેઓના મિત્રોને ફોન કરતા હેબતપુર ચાર રસ્તા ગાડી આવતા ગાડી ચાલકે પોતાની ગાડી પોલીસની ગાડી જોઇ પોતાની ગાડી પાછી વળાવી રોન્ગ સાઇડ માં ભાગી ગયેલ અને તેદરમ્યાન ઉપરોક્ત મહીલાઓ રીક્ષામાં બેસીને આવતા ફરિ ઓળખી જતા ફરિ તથા પોલીસે આરોપી મહીલાઓ નામે(૧)કંચનબેન વા/ઓ અરૂણ ઉર્ફે ગૌતમ પરીમલ ઉ.વ-૪૨ રહે-વિવેકાનંદનગર ગુજરાત હાઉસીંગબોર્ડ ના મકાનમાં વટવા અમદાવાદ(૨) રાધીકા સતીષકુમાર દીક્ષીત ઉ.વ-૨૭ રહે-અજીતભાઇ પટેલ ના મકાનમાં ગુજરાત હાઉસિંગબોર્ડના મકાન માં ચાંદખેડા અમદાવાદ નાઓનુ હોવાનુ જણાવેલ અને ગાડીમાં ભાગી જનાર યોગેશ બાબુલાલ જારેવાલ તથા ગેમર પરમાર કે જેઓ બન્ને સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે હોમ-ગાર્ડ માં નોકરી કરે છે તે તથા અજાણ્યો ડ્રાઇવર હોવાનુ જાણવા મળેલ બાદ ઉપરોક્ત બન્ને મહીલા આરોપી ને તા-૧૮/૦૪/૨૦૧૮ ના કલાક-૧૯/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ બાદ તપાસ દરમ્યાન આરોપી ડ્રાઇવર હિતેષભાઇ બટુકભાઇ જોષી રહે – સી/૩૦ ન્યુ-પરીમલ સો.સા ચાંદખેડા અમદાવાદ નાઓને તા-૨૧/૦૪/૧૮ કલાક ૨૨/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને બાકીની આરોપી ની તપાસ ચાલુ છે.

**<u>ટ્રાફીક બ્રાન્ચ :</u>**

આજરોજ તા.૨૩/૪/૧૮ સવારના ૮/૦૦ થી ૧૦/૦૦ દરમ્યાન કાંકરીયા– મણીનગર વિસ્તારમાં અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસ આયોજીત “૨૯ મો માર્ગ સલામતી સપ્તાહ” સેફ્ટી વીકની ઉજવણી પ્રસંગે એક રેલી નું આયોજન કરવામાંઆવેલ હતુ.














નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.